Navgujarat Samay

EDII

April 22, 2024
Pg.4

# EDII અમદાવાદ દ્વારા 42મો સ્થાપના દિવસ સેલિબ્રેટ કરાયો



**નવગુજરાત સમય > અમદાવાદ**

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII), અમદાવાદએ શનિવારે 20 એપ્રિલ 2024ના રોજ સંસ્થાના કેમ્પસમાં પોતાનો 42મો સ્થાપના દિવસ સેલિબ્રેટ કર્યો હતો.

આ અવસરે મુખ્ય મહેમાન તરીકે મેઘાલય સરકારના સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડના એક્ઝિક્યુટિવ ચેરમેન તેમજ EDII બોર્ડના સભ્ય IAS રામમોહન મિશ્રા તેમજ અન્ય મહાનુભાવોમાં EDII ગવર્નિંગ બોર્ડના સભ્ય અને ભૂતપૂર્વ ચેરમેન તેમજ SIDBIના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. શૈલેન્દ્ર નારાયણ, ગુજરાત યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર ડૉ. નીરજા ગુપ્તા, જીટીયુના વાઈસ-ચાન્સેલર ડૉ. રાજુલ ગજ્જર, EDII ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લા તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન EDIIના ડિરેક્ટર ડૉ. સત્ય રંજન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ગર્વમેન્ટ, કોર્પોરેટ્સ, ઈન્ડસ્ટ્રી એસોસિશેન તેમજ શિક્ષણવિદોએ આંત્રપ્રિન્યોરશિપ, સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન એ દેશના સામાજિક-આર્થિક વિકાસને કેવી રીતે અસર કરી રહ્યું છે એ બાબત પર સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.